## Body and Force ... શરીર અને શક્તિ

**The** physical nature is a thing of habits; it is out of habit that it responds to the forces of illness; one has to get into it the contrary habit of responding to the Divine Force only.

**માનવ** શરીરની પ્રકૃતિ વિવિધ પ્રકારની ટેવોની બનેલી હોય છે. પોતાની ટેવ પ્રમાણે એ માંદગીનાં બળોને પ્રત્યુત્તર આપે છે. પણ એણે એક નવી વિપરીત ટેવ પાડવી જોઈશે: માત્ર દિવ્યશક્તિને પ્રત્યુત્તર આપવાની.

*

For the Mother's Force to work fully in the body, the body itself and not only the mind must have faith and open.

શ્રી માતાજીની શક્તિ શરીરમાં પૂરેપૂરું કાર્ય કરે એ માટે શરીરે પોતે - માત્ર મન એકલાએ જ નહિ - શ્રદ્ધા રાખવી જોઈશે અને ખુલ્લા થવું પડશે.

*

As the body consciousness becomes more open to the Force (it is always the most difficult and the last to open up entirely), this frequent stress of illness will diminish and disappear.

શરીરની ચેતના જેમ શક્તિ પ્રતિ વધુ ખુલ્લી બનતી જશે ( એ કાર્ય હમેશાં સૌથી વધુ મુશ્કેલ હોય છે અને પૂરેપૂરા ખુલ્લા બનવામાં શરીર સૌથી છેલ્લું હોય છે ), માંદગીનો વારંવાર આવતો આ તણાવ ઓછો બનતો જઈ અદૃશ્ય થઈ જશે.

- Sri Aurobindo
- શ્રી અરવિન્દ

**pp.164-165**
**Integral Healing**

**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી-૨.✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **June 2019**

**https://themothersprosperity.org**

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2019**
JUNE
૧ જૂન, ૨૦૧૯

**The Power of Sincerity** | **સત્યનિષ્ઠાની શક્તિ**
**Body and Force** | **શરીર અને શક્તિ**




**With** a quiet mind and a peaceful heart, let us do the work happily.

With my blessings
- The Mother

**નીરવ** મન અને શાંત હૃદય વડે આપણે આનંદપૂર્વક કામ કરીએ.

મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી

Mantras of the Mother - 16 May 1954 /શ્રી માતાજીના મંત્રો - ૧૬ મે ૧૯૫૪

# The Power of Sincerity

**You say, "I want** to be cured of this"; unfortunately it is not enough to say "I want". There are other parts of the consciousness which hide themselves so that you may not take any notice of them, and when your attention is turned away, these parts try to assert themselves. That is why I say and shall always repeat: Be perfectly sincere; do not try to deceive yourself, do not say, "I have done all I can." If you do not succeed, it means that you are not doing all you can. For if you truly do "all" that you can, you will surely succeed. ...

**... ...**

Hence, there is only one thing to do: it is to go hunting for all the little dark corners which lie hidden in you, and if you put just a tiny spark of goodwill on this darkness, it will yield, it will vanish, and what seemed impossible to you will become not only possible, practicable, but **it will be done.**

In this way you can in one minute get rid of a difficulty that would have harassed you for years. I absolutely assure you of it.

It depends only on one thing: that you truly, sincerely, want to get rid of it. And it is the same for everything, from physical illnesses up to the highest mental difficulties.

- The Mother

**pp.78-79**
**Integral Healing**

# સત્યનિષ્ઠાની શક્તિ

**તમે** કહો છો, " **મારે** આમાંથી છૂટવું છે. " કમનસીબે, મારે છૂટવું છે એટલું માત્ર કહેવું એ પૂરતું નથી. કારણ ચેતનાના બીજા ભાગ છે જે પોતાને એવા સંતાડી રાખે છે કે તમારી નજર એમના ઉપર ન પડે. અને જ્યારે તમારી નજર બીજે કયાંક હોય છે ત્યારે તેઓ આગળ આવી હુમલો કરવાનો પ્રયત્ન કરે છે, પોતાનું બળ અજમાવવાનો પ્રયત્ન કરે છે. એટલે હું તમને કહું છું અને વારંવારં કહીશ, "**સંપૂર્ણ સત્યનિષ્ઠ બનો**".

તમારી જાતને છેતરવાનો પ્રયત્ન તમે ન કરો એમ કહીને કે "મારાથી થાય એ બધું મેં કર્યું છે." તમે જો સફળ નથી બનતા, એનો અર્થ એ કે તમે જે બધું કરી શક્તા હો એ બધું નથી કરી રહ્યા. કારણ, જો તમે સાચે 'બધું' જ કરતા હો, તમે જરૂર સફળ બનવાના.

....

.... ....

હવે પછી, એક જ વસ્તુ કરવાની છે: તમારી અંદર સંતાઈ બેઠેલાં અંધકારનાં નાનાં નાનાં પોલાણની શોધમાં નીકળો, અને એની અંદર શુભેચ્છાનો એક નાનો સરખો તણખો નાખો. અંધકાર સંકોચાઈને અદૃશ્ય થઈ જશે. તમને જે અશક્ય લાગતું હતું એ શક્ય લાગશે અને સાધ્ય દેખાશે એટલું જ નહિ, **એ થઈ પણ જશે.**

આવી રીતે, જે મુશ્કેલી તમને વર્ષો સુધી હેરાન કરી શકી હોત, એને એક મિનિટમાં દૂર કરી શકો છો. એની હું પાકી ખાતરી આપું છું.

પણ એનો આધાર એક વસ્તુ ઉપર રાખે છે: કે તમે સચ્ચાઈપૂર્વક એને દૂર કરવા ઇચ્છો છો. અને એ, આ બધી જ વસ્તુઓ માટે સાચું છે: શારીરિક માંદગીઓથી તે સૌથી વધુ ગૂંચભરી માનસિક મુશ્કેલીઓ સુધી.

- શ્રી માતાજી

**pp.78-79**
**Integral Healing**